ગામે-ગામ, શેરીએ શેરીએ બે ટંકનું પેટીયુ રળવા નટની આ દિકરી પાતળા દોરડા પર ચાલી કઠીન અને જોખમી કરતબ કરી રહી છે. પોતાના દમ પર જીવના જોખમે પાતળા દોરડ પર કરતબ કરતી બાળાને જોતા જ સૌ કોઈના હૃદયમાં આશ્ચર્ય સાથે દયાની લાગણી ઉભરાઈ આવતી હતી. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

મોડાસા નગરપાલિકાના વહિવટમાં 'દિવા તળે અંધારૂ'

મોડાસા, તા. ૬

મોડાસામાં નગરપાલિકાના વહિવટથી મોડાસાની જનતાના હાલ બેહાલ થઈ ગયા છે. વરસાદી પાણીના નિકાલનું કોઈ આયોજન નહિ તેમજ સ્ટ્રીટલાઈટો પણ બંધ હાલતમાં હોવાથી સ્થાનિકોમાં તંત્ર વિરૂદ્ધ રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસા નગરપાલિકાના વહિવટદારો જાણે મોડાસા શહેરની કે જનતાની કોઈ પરવા જ ના હોય તેમ નિદ્રાધિન અવસ્થામાં જણાય છે. અરવલ્લી જિલ્લાની જાહેરાત થયા પછી અરવલ્લી જિલ્લા વડા મથક તરીકે જ્યારે મોડાસા શહેરની ઘોષણા કરાઈ હતી ત્યારે સૌ નગરજનોએ તે વાતને ફટાકડા ફોડી, મીઠાઈ વહેંચી વધાવી લીધી હતી. અને ગેલમાં આવી ગયા હતા કે હવે મોડાસા નગરનો વિકાસ પુરપાટ થશે. પરંતુ મોડાસા નગરપાલિકાની બેદરકારી કે નિષ્કાળજીના કારણે મોડાસા નગરનો વિકાસ સ્થગિત થઈ ગયો છે. મોડાસાના મેઈન રોડ

(તસવીર : જય અમીન, મોડાસા)

એટલે કે માજુમ પુલથી ડુધરવાડા ચોકડી સુધી ૫૭ લાઈટના થાંભલા આવેલા છે. છતાં નગરપાલિકા અયોગ્ય જાણવણીના કારણે તેમજ કોઈ જ દેખરેખના હોવાના લીધે બધા જ વિજપોલ બંધ હાલતમાં હોવાથી મોડાસામાં સાંજના ૭ વાગ્યા પછી અંધારપટ છવાઈ જાય છે.

મોડાસા ભુતિયાનગરીમાં ફેરવાઈ જતી હોય તેવો આભાસ પેદા થાય છે. તેમજ મોડાસાના સી.જી. રોડ તરીકે જાણીતા માલપુર રોડ પર પણ અંધારપટ છવાયેલો જોવા મળે છે. મોડાસા નગરપાલિકા સરકાર દ્વારા કરોડોની ગ્રાન્ટ ફાળવવા છતાં મોડાસાના વિકાસના નામે કામકાજ શૂન્ય જનક. સ્ટ્રિટલાઈટ બંધ હોવાના કારણે મોડાસામાં આવેલી દુકાનો તેમજ સોસાયટીઓમાં ધાડપાડુઓ આસાનીથી હાથફેરો કરી જાય છે. આટલી બધી કરોડો રૂપિયાની ગ્રાન્ટ નગરપાલિકા દ્વારા ક્યાં જાય છે તેજ સમજાતું નથી. નગરપાલિકા દ્વારા ભ્રષ્ટાચાર આદરવામાં તો નહિ આવતો હોય ને કે પછી ગ્રાન્ટ જ બારોબાર ચાઉ થઈ જાય છે તેવી ચર્ચાએ નગરમાં જોર પકડ્યું છે.

પાલનપુરની બનાસ હોટલમાં મજૂરનું મોત

પાલનપુત, તા. ૬

પાલનપુર શહેરમાં ગુરૂનાનક ચોક નજીક આવેલી બનાસ હોટલમાં એક મજૂરનું આકસ્મિક મોત નિપજતાં અનેત તર્ક વિતર્કો સર્જાયા છે. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર શહેરની મધ્યમાં ગુરૂનાનક ચોક વિસ્તારમાં આવેલી બનાસ હોટલમાં છેલ્લા છ માસથી કામ કરતા બાવન વર્ષીય સુરેશભાઈ ઉર્ફે સુરજભાઈ પ્રજાપતિ મૂળ રહેવાસી સરોત્રાનું આજરોજ હોટલમાં જ કુદરતી મોત નિપજ્યું હતું. આ અંગે હોટલના માલીક અનિલભાઈ મુન્નાભાઈ ગુપ્તાએ પૂર્વ પોલીસમથકે જાણ કરતા પોલીસે મૃતકની લાશનો કબજો લઈ પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પોલીસે આ ઘટના અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બનાસ હોટલમાં એકાએક હોટલના કામદારનું અગમ્ય કારણોસર મોત નિપજતા અનેક તર્કવિતર્કો સર્જાયા હતા. જો કે પોલીસના જણાવ્યાનુસાર મૃતક ઉંમર લાયક હોવાથી તેમનું આકસ્મીક મોત નિપજ્યું હોવાનું જણાવ્યું હતું.

મહેસાણા શહેર પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં આરોપીનું મોત થતા ચકચાર

મહેસાણા, તા. ૬

મહેસાણા શહેર પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રહેલ એક આરોપીનું બિમારીના લીધે મોત થતાં શહેરમાં ભારે ચકચાર ફેલાઈ ફેલાઈ છે.

વિગત એવી છે કે મહેસાણા શહેરના કસ્બા વિસ્તારમાં રહેતા તાહિરહુસેન અકબરભાઈ સેતા નામના મુસ્લિમ યુવાન નશામસ્ત હાલતમાં તોફાન કરતા હોઈ તેમની પત્નિ સુરૈયાબાનુએ મહેસાણા શહેરના એ. ડીવીજન પોલીસમથકે પતિ વિરૂદ્ધ અરજી આપી હતી. જેથી પોલીસે તેમની ૧૫૧ હેઠળ ધરપકડ કરી પોલીસ કસ્ટડીમાં રાખ્યા હતા. દરમિયાન સવારના સમયે આરોપીની તબિયત લથડતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાંથી બપોરના સમયે પરત લાવીને કસ્ટડીમાં મુક્યા હતા. થોડા સમય બાદ આરોપીને કોર્ટમાં લઈ જવા માટે કસ્ટડીમાંથી બહાર કઢાયો હતો ત્યારે તેની તબિયત વધુ લથડતા બે સુદ્ધ થઈને નીચે પડી ગયો હતો. આથી પોલીસે તેને તુરત સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસ કસ્ટડીમાં થયેલ મોતને પગલે પોલીસે તબીબોની પેનલ દ્વારા પોસ્ટમોર્ટમ થાય તે માટે મૃતદેહને અમદાવાદ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. પોસ્ટમોર્ટમ થયા બાદ મૃત્યુનું કારણ જાણવા મળી શકશે. અત્યારે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દરમિયાન પોલીસ સ્ટેસનના લોકઅપમાં આરોપીના થયેલ મોત સંદર્ભે ન્યાયિક તપાસ થાય તેવી શક્યતા છે. આ બનાવને પગલે લઘુમતિ સમાજ સહિત શેહીરજનોમાં ભારે ચકચાર મચી છે.

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા નજીક આવેલ આમળેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસને લઈ શિવ ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. પૌરાણિક શિવ મંદિરમાં દૂર દૂરથી શ્રાવણ માસ દરમિયાન શિવ ભક્તો ઉમટી રહ્યાછે. ભાવિકો દૂધનો અભિષેક કરી બિલીપત્રો ચઢાવી પૂજા-અર્ચના કરી ભગવાન ભોળા નાથને રીઝવી રહ્યા છે.

(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

અરવલ્લીના અણિયોર કંપામાંથી હવસખોર ઝડપાયો

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના અણીયોર કંપામાંથી ૧૪ વર્ષની બાળકીને છેલ્લા કેટલાય સમયથી હવસનો શિકાર બનાવતો ૫૦ વર્ષના નરાધમ વસંત સવજી

પટેલને પોલીસે આજે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના અણિયોર કંપામાં રહેતો આધેડ વસંત સવજી પટેલ ખેતી વ્યવસાય સાથે જોડાયેલો છે. ખેતીના વ્યવસાય માટે ખેતમજૂર તરીકે બહારથી મજૂરોને પરિવારસાથે રહેવાની પણ સગવડ પણ આપતો હતો. આ ખેડૂતને ત્યાં છેલ્લા કેટલાય સમયથી રહેતા પરિવારની જ ફૂલ જેવી ૧૪ વર્ષની બાળાને જ પોતાની હવસનો શિકાર બનાવતો હતો. લલચાવી ફોસલાવીને બાળાને એકલી હોય ત્યારે વારંવાર બળાત્કાર ગુજારતો હતો.

દરમિયાન ૧૪ વર્ષની બાળાને ગર્ભ રહી જતા આધેડના પાપનો ઘડો ફુટી ગયો હતો. અને દીકરીના પરિવારમાં દીકરીની માતાને આ મામલે ખબર પડી જતા માતાએ આધેડ વિરૂદ્ધ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આથી માલપુર પોપલીસે તાત્કાલિક ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. અને પીડીતા બાળાને મેડીકલ રીપોર્ટ માટે મોડાસા મોકલી આપી હતી. આ સંદર્ભે ડીવાય.એસ.પી. બી.એ. રાઠોડ તપાસ ચલાવી રહ્યા છે.

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરાના સાંકડ ગામ પાસેથી વિદેશી દારૂ ભરેલી ઈનોવા કાર ઝડપાઈ

ધાનેરાના સાંકડ ગામની સીમ પાસેથી બનાસકાંઠા એલ.સી.બી.ની ટીમે દોઢ લાખની કિંમતનો વિદેશી દારૂ ભરેલી ઈનોવા કાર બાતમીના આધારે ઝડપી પાડી હતી. પોલીસે દારૂ અને કાર મળી કુલ રૂ. ૫,૯૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતમાં રાજસ્થાન તરફથી દરરોજ વિદેશી દારૂનો મોટા પ્રમાણમાં જથ્થો ઠલવાય છે. ગુજરાત પોલીસ દરરોજ ગુજરાતમાં પ્રવેશતો દારૂનો જથ્થો પકડે છે. ત્યારે આજે વધુ એકવાર ધાનેરા તાલુકાના સાંકડ ગામની સીમમાંથી પોલીસે બાતમીના આધારે દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. બનાસકાંઠા જિલ્લા એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે થરાદથી સાંકડ ગામ માર્ગ તરફ આવતી નંબર પ્લેટ વગરની ઈનોવા કારને ઝડપી પાડી હતી. કારની તપાસ કરતા પોલીસને ૩૪ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. આથી પોલીસે ૧,૪૪,૦૦૦ નો વિદેશી દારૂ અને રૂ. ૪,૫૦,૦૦૦ ની કિંમતની કાર મળી કુલ રૂ. ૫,૯૪,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે કારનો ચાલક અન્ય એક સાથીદાર ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. ધાનેરા પોલીસે આ મામલે ફરાર આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજના સાપડ ગામે ચિંતન શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૬

ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત પ્રાંતિજના સાંપડ ગામે સાબરકાંઠા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બે દિવસીય ચિંતન શિબિર યોજાઈ હતી.

આ ચિંતન શિબિરમાં જિલ્લા કલેક્ટર બંછાનિધિપાનીએ તાલુકાના

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પદાધિકારીઓ અને અધિકારીઓની મુલાકાત લીધી હતી. શિબિરમાં રમત-ગમત, યોગ વગેરે અંગે જુદી જુદી ટીમ બનાવી ચર્ચાઓ કરવામાં આવી હતી. જ્યારે પ્રાથમિક શાળા, આંગણવાડી, દૂધ મંડળીની પણ કલેક્ટરે મુલાકાત લીધી હતી. ઉપરાંત કાર્યક્રમમાં કુપોશિત બાળકોને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિબિરમાં એચ.આર. મોદી, ડી.વી. મકવાણા, એ.એ. ડોડિયા, પી.આઈ. ભરતભાઈ પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તલોદ કોલેજમાં ચલો કોલેજ કાર્યક્રમ યોજાયો

તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત 'ચલો કોલેજ' અભિયાન અંતર્ગત કોલેજ પ્રવેશ નામાંકન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે સરકારી વિનયન કોલેજના આચાર્ય કે.એલ. પટેલ અને પ્રિ. ડૉ. સમીર શાહ ઉપસ્થિત રહ્યા હતા અને સ્વર્ણિમ ગુજરાત સ્થપાયેલી વિવિધ સમધારા વિશેના રાજ્ય સરકારના હેતુઓ અને લક્ષ્યાંકો વિદ્યાર્થીઓને અવગત કરાયા હતા. પ્રાસંગિક ઉદ્બોધનમાં આચાર્ય ડૉ. જે.સી. પટેલે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જે.બી. પટેલ અને પ્રા. મમતાબેન પાઠકે સંભાળ્યું હતું. જ્યારે આભારવિધિ પારૂલબેન માધુએ કરી હતી.

ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ અન્વયે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીના સીધા માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફિસ ખેડબ્રહ્મા દ્વારા સઘન ઝાડા નિયંત્રણ પખવાડીયાની ઉજવણીનો ઉદ્ઘાટન સમારોહ જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના સભ્ય મુળજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર ફિહેવ, મ.પ.વ. સુપરવાઈઝરી સ્ટાફ આશા કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એચ.એસ. ગઢવી તથા તાલુકા આઈ.ઈ.સી. ઓફિસર રાજેન્દ્રસિંહ વાઘેલા દ્વારા ઝાડા થવાના કારણો તથા તેનો ઉપચાર કેવી રીતે કરવો તેમજ ઝાડા ના થાય તેના માટે શું તકેદારી રાખવી તેમજ મોટાભાગે બાળકોમાં થતા ઝાડા માટે શું શું પગલા લેવા જોઈએ તે અંગેની સમજ આપવામાં આવી હતી.

ભીલડીના યુવકની બેંગ્લોર પોલીસે સાઈબર ક્રાઈમ હેઠળ ધરપકડ કરી

યુવકે સોશ્યલ મીડીયાના માધ્મયથી પ્લેન હાઈઝેક કરવા મેલ કર્યો હતો

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના જુની ભીલડી ગામના એક યુવકે મજાકમાં બેંગ્લોર આઈએસઆઈની સાઈટ પર ફેસબુકથી પ્લેન હાઈઝેક કરવાનો મેઈલ કરતાં બેંગ્લોર પોલીસ બનાસકાંઠામાં આવી પહોંચી હતી. અને જુની ભીલડીના યુવકની ધરપકડ કરીને તેને બેંગ્લોર લઈ જવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના જુના ભીલડી ગામના યુવક પરબતજી જીવણજી ઠાકોર ધોરણ-૧૦માં ૫ ટ્રાયલે પાસ થયો હતો. જેથી અભ્યાસ અને ઘરના કામકાજથી કંટાળી ગયો હતો. ત્યારે તા. ૨૧-૭-૧૪ના રોજ તેને મોબાઈલ પરથી ફેસબુકના માધ્યમથી બેંગ્લોર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી આઈએસઆઈની સાઈટ ખોલી તેના પર પ્લેન હાઈઝેક કરવાનો મેઈલ કર્યો હતો. જેના આધારે બેંગ્લોર પોલીસે આ જુની ભીલડીના યુવક વિરૂદ્ધ ફરિયાદ નોંધી હતી. અને મોબાઈલના લોકેશનના આધારે બેંગ્લોર પોલીસ આજરોજ બનાસકાંઠાના જુની ભીલડી ખાતે આરોપી પરબતજી ઠાકોરની અટકાયત કરવા આવી પહોંચી હતી. જ્યાં ભીલડી પીએસઆઈ એન.આર. પટેલને સાથે રાખી બેંગ્લોર પોલીસે પરબતજી ઠાકોરની અટકાયત કરી હતી અને તેને ડીસા કોર્ટમાં રજુ કરી વધુ તપાસ માટે બેંગ્લોર લઈ જવામાં આવ્યો છે. જો કે જુની ભીલડીના યુવકે આ પગલુ તેને ઘરકંકાસ અને તેની કારકિર્દીથી કંટાળીને મજાકમાં આ ધમકી ભર્યો મેઈલ કર્યો હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

વિસનગરમાં વીજ કરંટ લાગતા પિતા-પુત્રના કરૂણ મોત : એકને ગંભીર ઈજાઓ

મહેસાણા, તા. ૬

મહેસાણા જિલ્લાના વિસનગર શહેરના લાલ દરવાજા વિસ્તારમાં રાત્રિના સમયે વીજ કરંટ લાગવાથી પિતા પુત્રના કરૂણ મોત નિપજ્યા હતા જ્યારે એક વ્યક્તિને ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે, વિસનગર ખાતે લાલ દરવાજા વિસ્તારમાં રહેતા સબ્બીરશા હાજીશા ફકીરનો ત્રણ વર્ષિય પુત્ર ઈમામશા રાતના સમયે રમતો હતો ત્યારે અચાનક સ્ટ્રીટલાઈટના થાંભલા ઉપરથી જીવંત વીજ વાયર તેના પર પડ્યો હતો. જેથી આ બાળક તરફડીયા મારતો હોઈ તેના પિતા શબ્બીરશા ફકીર પુત્રને બચાવવા દોડી જતાં તેમને પણ કરંટ લાગ્યો હતો. આ દૃશ્ય જોઈને નજીકમાંથી આફતાબશા ઈમામશા ફકીર પણ બચાવવા માટે દોડી આવતા આ યુવાનને પણ કરંટ લાગ્યો હતો. આથી આસપાસમાંથી દોડી આવેલા લોકોએ આફતાબશાને કરંટથી છોડાવતા તેને ઈજાઓ થઈ હતી. દરમિયાન કરંટથી ગંભીર હાલતમાં મુકાયેલ પિતા પુત્રને અંતે ઈજાગ્રસ્તને તુરત સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તબીબે પિતા પુત્રને મૃત જાહેર કર્યા હતા. આ બનાવને પગલે શહેરમાં લઘુમતિ સમાજના લોકોમાં ભારે શોકની લાગણી ફેલાઈ હતી.